૮

અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૧૯ ૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂ.૧૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૯/૩૨૨૩/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૯/૦૯/૨૦૨૦

વંચાણમાં લીધા:-

1. વિભાગનો તા:૧૭/૦૩/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૩૨૨૩/જ
2. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૧૭/૦૮/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ડૉ.આઅંવિનિ/૨૦૨૦/૧૨/હિસાબી/૫૪૫૦-૫૧.

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના તા:૧૭/૦૩/૨૦૨૦ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ગાંધીનગરને વર્ષ ૨૦૧૯-૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ.૧૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે.

જે અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના તા:૧૭/૦૮/૨૦૨૦ના પત્રથી ઉક્ત ઠરાવથી યોજનાઓનો લાભ લેવા માટે નક્કી કરવામાં આવેલ, અરજદારની પાત્રતાની શરતોમાં સુધારા-વધારા કરવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૧૯-૨૦માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની તા.૧૭/૦૩/૨૦૨૦ના ઠરાવથી મંજુર કરેલ યોજનાઓનો લાભ લેવા માટે અરજદારશ્રીની પાત્રતા/યોગ્યતાની શરત ક્રમાંક:-૩ ઉપર દર્શાવેલ જોગવાઈના બદલે "જનરલ

(ટર્મલોન)ની યોજનાઓમાં અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ." વંચાણે લેવાનું રહેશે. તેમજ,

શરત ક્રમાંક:-૦૭ની નીચે શરત ક્રમાંક:-૦૮ "ઉચ્ચ અભ્યાસ (શૈક્ષણિક ધિરાણ)ની યોજનામાં અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૫ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ." ઉમેરવાની રહેશે.

૨. અત્રેના તા.૧૭/૩/૨૦૨૦ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા:૦૮/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ ૨૦૨૦.